Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯૩૯|૪૪૨

શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા પુષ્પ. ૨૩.

# મહાકવિ શોભનમુનિ અને તેમની કૃતિ.

: લેખક :

મુનિરાજશ્રી હિમાંશુવિજયજી.

: દ્રવ્ય સહાયક :

પાડિવ ( સીરોહી સ્ટેટ-મારવાડ ) વાળા.

શેઠ લુંબાજી ઉમાજી.

: પ્રકાશક :

દીપચંદ બાંઠીયા

મંત્રી—શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળા.

છોટા સરાફા ઉજ્જૈન ( માલવા )

ધર્મ સં. ૧૩ વીર સં. ૨૪૬૧ વિક્રમ સં. ૧૯૯૧

કિંમત ત્રણ આના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિ...ષ...યો...નું...સાં...ક...ળી...યું

## ( શોભનમુનિનું જીવન )


શોભનમુનિનું શ્રેષ્ઠ કવિત્વ... ... ... ... ... ૨
શોભનના પૂર્વજો અને તેનું પ્રારંભિક જીવન ... ... ૪
ધારાનગરી ... ... ... ... ... ... ૪
દટાએલું ધન મળ્યું ... ... ... ... ... ૫
ઉપકારનો બદલો ... ... ... ... ... ૬
શોભન; બ્રાહ્મણ મટી શ્રમણ થયો ... ... ... ... ૭
શોભનમુનિની પ્રગતિ ... ... ... ... .. ૭
ધનપાળનો ક્રોધ અને જૈન સાધુનો વિહાર બંધ ... ... ૮
સંઘની વિનતિ અને શોભનમુનિનું ધારામાં જવું ... ... ૮
ધનપાળને પ્રતિબોધ અને બે ભાઈઓની ભેટ .. ... ... ૧૦
જયારે ધનપાળ જૈન ધર્મ સ્વીકારી પોતાનું જીવન
જૈન ધર્મને સોંપે છે ... ... ... ... ... ૧૧
ધનપાળનો ટૂંક પરિચય ... ... ... ... ૧૩
માળવામાં જૈન સાધુઓ ... ... ... ... ... ૧૪
શોભનમુનિનું વ્યક્તિત્વ ... ... ... ... ... ૧૫
શોભનમુનિની કૃતિ ... ... ... ... ... ૧૫
શોભનમુનિનું અવસાન ... ... ... ... ... ૧૭


## ( ઐતિહાસિક આલોચના )


મતભેદનું કોષ્ઠક ... ... ... ... ... ૧૮
ગામની પરીક્ષા ... ... ... ... ... ૧૯
શોભનના પિતા ... ... ... ... ... ૨૧
શોભનમુનિના ગુરુ ... ... ... ... ... ૨૨
શોભનનું ગૃહસ્થ કુટુંબ ... ... ... ... ... ૨૪
શોભનસ્તુતિચતુર્વિંશતિકાની ટીકાઓ... ... ... ... ૨૪
ઉપયોગી પરિશિષ્ટો ... ... ... ... ... ૨૭


મુદ્રક–શાહ ગુલાબચંદ લલ્લુભાઈ–મહોદય પ્રિ. પ્રેસ. દાણાપીઠ–ભાવનગર.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વિજયધર્મસૂરિ.

જન્મ વિ. સં. ૧૯૨૪ દીક્ષા સં. ૧૯૪૩

મહુવા. ભાવનગર.



આચાર્યપદ સં. ૧૯૬૪ નિર્વાણ સં. ૧૯૭૮

કાશી. શિવપુરી.

सत्पाथोजविकासवासरकरो गाम्भीर्यरत्नाकरो
धर्मोद्धारिसमाजदेशसुखदः आनन्दकन्दाम्बुदः ।
श्रद्धाज्ञानचरित्रनिर्मलबलः कुन्देन्दुकीर्त्त्योज्ज्वलः
सूरिः श्रीविजयादिधर्ममुनिपः स्याद् भूयसे श्रेयसे ॥

—अनेकान्ती.

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

आ. श्रीकैलाससागरसूरि ज्ञानमन्दिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा, गांधीनगर, पि. ३८२००९.
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાકવિ શોભનમુનિ

અને

# તેમની કૃતિ.

'કવિ' જગતની એક અનેરી વિભૂતિ છે. કવિત્વ શક્તિ કુદરતની અપૂર્વ બક્ષિસ છે. હજારો ધનાઢ્યો કે રાજાઓ જગતને જે લાભ ન આપી શકે તે લાભ ધારે તો એક સાચો કવિ આપી શકે છે. કવિને 'કવિત્વ શક્તિ' શોધવા જવું પડતું નથી. સ્વયમેવ તે શક્તિ સાચા કવિને વરવા આવે છે. આવો કુદરતી કવિજ જગતને અવનવો આનંદ આપી શકે છે. 'કવિ' જગતના ગમે તેવા પદાર્થોનું સૂક્ષ્મતમ નિરીક્ષણ કરી તે પદાર્થોને પોતાની કલ્પના શક્તિથી વર્ણવી સુંદર બનાવે છે, અને તે દ્વારા તેમાં તે અનેરો રસ ઉત્પન્ન કરે છે. એ જ કવિની ખરી ખૂબી છે. 'જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ' એ લોક કહેવતની પણ આવા કવિ માટે જ સાર્થકતા ગણી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ એક રાજા કે ધની અમુક દેશ કે કાળને માટે જ સરજાયેલો હોય છે; તેમ કવિ નથી હોતો. સાચો કવિ તો તમામ જગત્ અને બધા કાળ માટે સરજાયેલો હોય છે, કેમકે તે પોતાના યશઃ–શરીરથી સદા જીવતો જાગતો રહી, પોતાની પાછળ મુકેલી કૃતિનો લાભ જગતને સતત આપતો જ રહે છે. કવિ મનુષ્યલોકમાં પણ પોતાની અનુપમ પ્રતિભાથી સાક્ષાત્ સ્વર્ગનો અનુભવ કરી; બીજાને પણ તેનો સાક્ષાત્કાર કરાવવામાં સમર્થ હોય છે. આવો જ કવિ સાચો કવિ કહી શકાય, અન્યથા 'कवयः कपयः स्मृताः' ( કવિઓ વાંદરા છે. ) ની કહેવત લાગુ પડે.

આવા કુદરતી જન્મસિદ્ધ શ્રેષ્ઠ કવિઓ આ ભારતમાં થતા આવ્યા છે, તેમાં જૈનોએ મોટો હિસ્સો આપ્યો છે. દરેક **જમાનામાં હિન્દની એકેએક ભાષામાં જૈન મુનિઓ અને ગૃહસ્થોએ સુંદરતમ કાવ્ય રચના કરી જગતને ચકિત કરી નાખ્યું છે.** સંસ્કૃત, પ્રાકૃત ગૂજરાતી અને કાનડી ભાષામાં તો કેટલાક જૈન કવિઓનું નામ અઢારમી સદી સુધી મોખરે રહ્યું છે.

**શોભન મુનિનું શ્રેષ્ઠ કવિત્વ.**

આપણા પ્રસ્તુત સ્તુતિકાર આ '**શ્રી શોભન મુનિ**' પણ તેવા વિશેષ કુદરતી કવિઓ પૈકીના એક શ્રેષ્ઠ કવિ હતા; એમ માનવામાં તેમની ઉપલબ્ધ એક જ 'जिनस्तुतिचतुर्विंशतिका' કૃતિ આપણને પ્રેરે છે. તેમની બીજી કૃતિઓ જડી નથી, અને કદાચ તેમણે ન પણ બનાવી હોય; છતાં પ્રસ્તુત કૃતિથી જ તેમને શ્રેષ્ઠ કવિ કહેવામાં કોઇપણ જાતનો વાંધો નથી.

'જેમનાં ઘણાં કાવ્યો મળતાં હોય તે જ મોટા કવિ છે' આવી માન્યતા સાચી નથી. પોતામાં કવિત્વ શક્તિ સારામાં સારી હોવા છતાં કેટલાક મહાકવિઓ ગમે તે કારણે એક પણ કાવ્ય કે મહાકાવ્ય બનાવ્યા વગર જ આ જગત્ છોડીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલ્યા જાય છે, કેટલાએક બીજા વિષયના ગ્રંથો બનાવવામાં આનંદ કે લાભ માની કાવ્યના ગ્રંથો થોડા બનાવે છે. અથવા બનાવતા ય નથી. આવા અનેક દાખલા મળે છે. આવી અવસ્થામાં તેવા કુદરતી કવિઓને આપણે 'કવિ' નહિ માનીએ તો **એક મોટી ભૂલ જ ગણાય, ભયંકર અન્યાય જ થાય,** એમ મારું માનવું છે. જો તેમ ન હોય તો '**સિદ્ધસેન દિવાકર**' કે જેઓનું 'કલ્યાણ મંદિર સ્તોત્ર' સિવાય બીજું એક પણ કાવ્ય અત્યાર લગી મળ્યું નથી, છતાં તેમને માટે, હજારો શ્લોકોનાં કાવ્યો રચનાર **આચાર્ય શ્રી હેમચંદ્ર** જેવા મહાન્ કવિ " अनुसिद्धसेनं कवयः " ( सि० है० २–२–३९ पृ० ७२ ) કહી તેમને **મહાકવિનું** માન આપે છે; તેથી એમ માનવું જોઇએ કે કાવતા બનાવવી જુદી વસ્તુ છે અને કવિત્વ શક્તિ હોવી જુદી વસ્તુ છે. આપણા '**શોભનમુનિ**' પણ તેવા જ કવિ હતા, કે જેઓ **શબ્દાલંકાર** અને ભક્તિના પૂરથી છલકતી 'जिनस्तुतिचतुर्विंशतिका' નામની એક જ કૃતિ જગતને આપી તરુણવયમાં સ્વર્ગવાસી થયા છે. તેમની પ્રસ્તુત કૃતિની આલોચના કરવાનું કામ આગળ ઉપર રાખી, આ કૃતિના કર્તા ( શોભનમુનિ ) ના **જીવન ચરિત્ર** તરફ હું વાચકોને લઇ જવા માગું છું.

## શ્રી શોભન મુનિના જીવન ઉપર પ્રકાશ.

**અત્યાર** લગી પ્રકાશિત થએલ જૂના અને નવા ગ્રંથોમાં **શ્રી શોભન** મુનિનું જીવન ચરિત્ર બહુ જ ટૂંકાણમાં, અને તે પણ અપૂર્ણ મળે છે. તેમનાં જન્મસ્થાન, માતા, પિતા અને ગુરુનાં નામના સંબંધમાં અનેક ગ્રંથકારો જુદા જુદા મત આપે છે, પણ મને તો આમના જીવનના વિષયમાં મહાકવિ **ધનપાળ** ( શોભન મુનિના વડીલ ભાઈ ) **ના ગ્રંથો, પ્રભાવક ચરિત્ર** અને **પ્રબંધ ચિંતામણિ** વધુ પ્રામાણિક લાગે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શોભનના પૂર્વજો અને તેનું પ્રારંભિક જીવન.**

શોભન મુનિનું જીવન ભિન્ન ભિન્ન બે પ્રકારના સંસ્કારોથી ઘડાયું છે—**જન્મથી તેમનામાં વૈદિક સંસ્કારો પોષાયા છે અને દીક્ષા પછીથી જૈન સંસ્કારોએ તેમાં અપૂર્વ સુધારણા કરી નવું તેજ ઉત્પન્ન કર્યું છે.** જન્મથી તેઓ વૈદિક બ્રાહ્મણ હતા. સહુ પહેલાં આપણે તેમના ભાઈ **ધનપાળ**ની કૃતિ '**તિલકમંજરી**' તરફ નજર નાખીશું. મહાકવિ **ધનપાળ** પોતાનો પરિચય[1] આપતાં તેમાં લખે છે:—

**મધ્યદેશ** કે જેને આજકાલ **સંયુક્ત પ્રાંત** ( યૂ. પી. ) કહેવામાં આવે છે, તેમાં આવેલા '**સાંકાશ્ય**' નગરનો રહેવાસી '**દેવર્ષિ**' બ્રાહ્મણ હતો. તેનો પુત્ર '**સર્વદેવ**' થયો, જે શાસ્ત્ર-કળા અને ગ્રંથ રચવામાં નિપુણ હતો. આ સર્વદેવને બે પુત્રો થયા, મોટો '**ધનપાળ**' અને નાનો '**શોભન**'. આપણા ચરિત્રનાયક આ જ **શોભન** છે. ધનપાળના પિતા સર્વદેવ, '**ભોજ**' ની '**ધારા**' (ધાર) નગરીમાં આવી રહ્યા હતા. તેમના બંને પુત્રોનો જન્મ કયાં થયો, તેનો નક્કી ખુલાસો જો કે આપણને મળતો નથી, પણ અનુમાનથી કહી શકાય કે, **સર્વદેવ** ઘણા વર્ષોથી **ધારા**માં આવી રહ્યા હશે, આ હિસાબે આ બંને તેમના પુત્રોનો જન્મ **ધારા**માં થયો હોય એમ લાગે છે.

**ધારાનગરી.**

જે વખતે રાજા '**ભોજ**' માળવાનું રાજ્ય કરતો હતો તે વખતની '**ધારા**' નગરી ઘણી જાહોજલાલી-વાળી હતી. અનેક વીરો, વિદ્વાનો અને ધના-ઢ્યોથી તે નગરી શોભી રહી હતી. વિદ્યાના

---

[1] "आसीद् द्विजन्माऽखिल**मध्यदेशे** प्रकाश**साङ्काश्य**निवेशजन्मा ।
अलब्ध **देवर्षिरिति** प्रसिद्धिं यो दानवर्षित्वविभूषितोऽपि ॥ ५१ ॥

शास्त्रेष्वधीती, कुशलः कलासु, बन्धे च बोधे च गिरां प्रकृष्टः ।
तस्याऽऽत्मजन्मा समभून्महात्मा, देवः स्वयंभूरिव **सर्वदेवः** ॥ ५२ ॥"

તિલકમંજરીની પીઠિકા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુગંધી વાતાવરણથી મહેકી રહી હતી. દેશ વિદેશના નામી પંડિતોનો ત્યાં ગર્વ ઉતરી જતો હતો. સારા વિદ્વાન્ કવિઓને લાખોનાં ઇનામ અને મોટી ઇજ્જત એનાયત કરવામાં આવતાં હતાં. સરસ્વતી અને લક્ષ્મી બન્નેનો ત્યાં સાથે વાસ હતો.

રાજા 'ભોજ' કેવળ યોગ્ય રાજાજ નહિ પણ, એક અઠંગ વિદ્વાન્ અને રસિક કવિ પણ હતો કે જેના વ્યાકરણની ઈર્ષ્યાથી ગુજરાતના રાજા સિદ્ધરાજજયસિંહે **શ્રી હેમચંદ્રાચાર્યને** પ્રાર્થના કરી 'सिद्धहेमचन्द्रशब्दानुशासन' બનાવરાવ્યું. (જૂઓ આ વ્યાકરણની મારી પ્રસ્તાવના). તે સાચા વિદ્વાનોનો પોષક અને અનુમોદક હતો; તેથી સર્વદેવ પંડિત આ નગરીમાં રહેતો હતો. આવા વિદ્યા-વ્યાસંગના સ્થાનમાં રહેવાથી તેના બન્ને પુત્રોને પણ વધારે અનુભવ મેળવવાનો અવસર મળી આવ્યો. **ધનપાળ** અને **શોભનને** તેના પિતા પાસેથી પરંપરા પ્રાપ્ત વિદ્યા તો મળીજ હતી; પણ સાથે સાથે ત્યાંના જુદા જુદા પંડિતોના સમાગમથી તેમની વિદ્યામાં ઘણો સારો વધારો થયો. ધીમે ધીમે આ બન્ને ભાઇઓએ પોતાની પ્રતિભાથી ધારાના પંડિતો અને **ભોજરાજાના** હૃદયમાં માનવંતુ સ્થાન મેળવ્યું. તેઓ બન્ને આખા ય માલવાના પંડિતોમાં પંકાવા લાગ્યા.

**દટાયલું ધન મળ્યું.**

વિદ્વાનો માટે ઘણે ભાગે હંમેશાં બને છે તેમ **સર્વદેવ** પંડિત ઉપર લક્ષ્મીદેવી પ્રસન્ન ન હતાં. તેના પિતાએ ઘરમાં પુષ્કળ ધન દાટ્યું હતું, પરન્તુ તે કયે સ્થળે દાટ્યું છે? તેની ખબર સર્વદેવને નહિ હતી. તે પોતાના ઘરમાં દટાયલું ધન મેળવવા ચાહતો હતો. એક દિવસે તપસ્તેજ અને વિદ્વત્તાથી શોભતા '[1]**શ્રીમહેન્દ્રસૂરિ**' **ધારામાં** આવ્યા. તેમના મહિમા અને પાંડિત્યની વાત રાજા પ્રજા અને પંડિતોમાં ફેલાઇ. **સર્વદેવે** આ આચાર્યનો સમાગમ કર્યો. આચાર્ય ઉપર તેનો પ્રેમ અને વિશ્વાસ વધતો ગયો. આચાર્ય આગળ તેણે પોતાની ગરીબાઈની વાત

1 પ્રબંધચિંતામણિમાં **વર્ધમાનસૂરિ** આવ્યાનું લખ્યું છે, તેની આલોચના આગળ કરીશું.

For Private And Personal Use Only

કાઢી પોતાના ઘરમાં દટાએલ ધનને બતાવવા સાગ્રહ વિનતિ કરી. તે આચાર્યે તેના ઘરમાં દટાયેલ ધન બતાવ્યું. સૂરિજીએ બતાવેલા સ્થળમાં **સર્વદેવને** મોટી ધનરાશિ પ્રાપ્ત થઈ. ધનના આનંદથી તે ગાંડો ઘેલો થઇ ગયો. ધન અગ્યારમો પ્રાણ છે. બાળકથી વૃદ્ધ, મૂર્ખથી પંડિત, બધા ય જેની રાતદિવસ ઝંખના કરે છે તેનાથી કેમ આનંદ ન થાય?

**સર્વદેવ**, પંડિત હોવા સાથે પૂરેપૂરો કૃતજ્ઞ હતો. સૂરિજીના ઉપકારનો બદલો આપવા તે ચાહતો હતો. તેણે મળી આવેલા ધનનો અર્ધો ભાગ લેવા સૂરિજીને પ્રાર્થના કરી, પણ તેઓ તો પંચમહાવ્રતધારી **જૈનાચાર્ય** હતા. પરિગ્રહથી તદ્દન દૂર રહેનાર નિર્ગ્રન્થ; ધનને શું કરે? એક કોડી પણ સૂરિજીએ લીધી નહિ. અંતે **સર્વદેવની** પ્રાર્થનાથી સૂરિજીએ એક રસ્તો બતાવ્યો:— "ઉપકારનો બદલો આપવો જ હોય તો તારા બે પુત્રોમાંથી એક પુત્ર મને આપ, જેથી જગતમાં તારું પણ નામ થાય." આ ઉત્તર સાંભળી સર્વદેવ પુત્રપ્રેમને લીધે સંકોચાયો; પણ ઉપકારનો બદલો આપવાનો વિચાર તેને બેચેન બનાવતો હતો. **પ્રભાવકચરિત્રકાર** લખે છે કે:—તે વિચારમાં તેનું આખું વર્ષ વીતી ગયું. અંતે તીર્થમાં જઇ મહેન્દ્રસૂરિના ઉપકારનો બદલો નહિ આપવા સંબંધી પોતાના પાપને ધોવાનો વિચાર કરી **સર્વદેવે** પ્રસ્થાન કર્યું. પ્રસ્થાન સમયે **ધનપાળે** કારણ પૂછતાં ઉત્તરમાં **સર્વદેવે** જણાવ્યું કે:—" મારું ઋણ ચુકાવવા બેમાંથી એક પુત્રની જૈનાચાર્ય માગણી કરે છે. આ ઋણ ચુકાવ્યા વગર હું મરી જઉં તો મારી સદ્દગતિ થાય નહિ; તેથી તે પાપ ધોવા તીર્થમાં જઉં છું."

**ઉપકારનો બદલો.**

પિતાની વાત સાંભળી ધનપાળ ચમકયો અને ક્રોધથી સર્વદેવને કહેવા લાગ્યો કે:—" તમે પોતાના પુત્રને જૈન દીક્ષા અપાવી આપણા કુળને કલંકિત કરવા માંગો છો? આપણા કુળમાં શુદ્ધ યજ્ઞયાગાદિ વેદપાઠ કરનાર બ્રાહ્મણો થયા છે. **બ્રાહ્મણો** અને **શ્રમ-**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ણોમાં** હંમેશાંથી વિરોધ ચાલતો આવે છે. આવી અવસ્થામાં જૈન સાધુને તમે પુત્ર કેમ આપી શકો ? જો તમે તેમ કરશો તો હું તમારો પણ સંબંધ છોડી દઇશ.” પુત્રનાં આવાં અનાદરવાળાં વચન સાંભળી સર્વદેવનો ગભરાટ વધે છે; ત્યારે તે વખતે સર્વદેવનો નાનો પુત્ર ‘**શોભન**’ પિતા પાસે જઇ કહે છે કેઃ—‘**પિતાજી તમે કંઇ પણ ચિંતા કરશો નહિ. ઉપકાર વાળવાની તમારી પ્રતિજ્ઞા હું પૂરી કરીશ.**’ ‘**શોભન**’ તેના પિતાનો એક સાચો ભક્ત પુત્ર હતો. ‘गुरोराज्ञा गरीयसी’ ના સિદ્ધાન્તમાં માનનારો હતો. સાથે સાથે **જૈન સાધુનાં અહિંસા, તપ અને સંયમનું મહત્ત્વ પણ તે સમજતો હતો,** તેથી તેણે પિતાની પ્રતિજ્ઞા પૂરી કરવાનું બીડું ઝડપ્યું.

**શોભન; બ્રાહ્મણ મટી શ્રમણ થયો.**

પ્રતિજ્ઞાને પૂરી કરાવનારાં પુત્રનાં અમૃતમય વચનો સાંભળી **સર્વદેવ**ના હૃદયમાં આનંદની ઉર્મિઓ ઉછળવા માંડી. પુત્ર ઉપર પ્રસન્ન થઇ સર્વદેવે આશીર્વાદપૂર્વક પોતાનો પુત્ર સૂરિજીને સોંપ્યો. **શોભન** ‘**બ્રાહ્મણ**’ મટી ‘**શ્રમણ**’ થયો. **મહેન્દ્રસૂરિ;** આ નવા શિષ્ય સાથે અન્યત્ર વિહાર કરી ગયા. બહુ થોડા જ સમયમાં જૈનાગમાદિ વિવિધ પ્રકારની વિદ્યા ભણાવી સૂરિજીએ પોતાના આ નવા શિષ્યમાં અનુભવ અને પાંડિત્યનું નવું તેજ ઉમેર્યું.

**શોભનમુનિની પ્રગતિ.**

ગુરુસેવા કરી **શોભનમુનિએ** એક બાજુ સમ્યગ્દર્શન સાથે સમ્યગ્જ્ઞાન મેળવ્યું અને બીજી બાજુ ચારિત્રની સંપત્તિ મેળવી. પૂર્વની વિદ્વત્તામાં આ વસ્તુઓ ઉમેરાતાં તેઓ મહાન પ્રભાવશાળી બની ગયા. થોડા વર્ષોમાં પોતાના પ્રાંતમાં જ નહિ; પણ દૂર દૂરના અનેક પ્રાંતોમાં **શોભન**ની કીર્તિ ફેલાણી. શિષ્યની વધતી જતી કીર્તિને જોઇ મહેન્દ્રસૂરિનું હૃદય આનંદથી ઉછળવા લાગ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધનપાળનો ક્રોધ, અને જૈન સાધુનો વિહાર બંધ.**

**આ** બાજુ ધનપાળની સખત મનાઇ છતાં **શોભને** જૈન સાધુ પાસે દીક્ષા લીધી હોવાથી ધનપાળે પિતા ઉપર ક્રુદ્ધ થઈ પિતા સાથેનો સંબંધ છોડી દીધો. તે જૈન સાધુઓનો પહેલાં કરતાં વધારે કટ્ટર દુશ્મન બની ગયો. તેણે **ભોજરાજા**ના કાન ભંભેરી માળવામાં જૈન સાધુને નહિ વિચરવા રાજ હુકમ કઢાવ્યો. ભારતમાં ધર્મદ્વેષને લીધે પોતાની સત્તા અને શક્તિઓનો ખોટો ઉપયોગ કરવાના દાખલા આવી જ રીતે બનતા હતા. માળવામાં જૈન શ્રમણો ( મુનિઓ ) નાં દર્શન દુર્લભ થયાં. આ વાતને જોતજોતામાં બાર બાર વર્ષનાં વહાણાં વહી ગયાં. જૈન સાધુઓનો વિહાર બંધ હોવાથી માળવાના જૈન લોકોમાં સર્વત્ર ઉદાસીનતા અને દુઃખની લાગણી ફેલાઇ.

જૈનોમાં ધર્મપ્રેમ અને આત્માભિમાન જાગવાથી **માળવાના સંઘે શ્રી મહેન્દ્રસૂરિ પાસે જઇ માળવાની ધર્મ સંબંધી કફોડી સ્થિતિ કહી સંભળાવી** અને તેમને ત્યાં પધારી **ભોજ**ની અયોગ્ય આજ્ઞા બંધ કરાવી, જૈનશાસનની પ્રભાવના કરવા વિનતિ કરી. આ બધી વાત ગુરુપાસે બેઠેલા **શોભનમુનિ** બહુ જ ચીવટથી સાંભળતા હતા. તે વખતે તેઓ ગૂજરાતમાં હતા.

**સંઘની વિનતિ અને શોભન મુનિનું ધારામાં જવું.**

શોભનમુનિ ભણી ગણીને એક અસાધારણ વિદ્વાન્ થઇ ગયા હતા. સચોટ ઉપદેશ આપવાની શક્તિ તેમનામાં સહજે આવી ગઇ હતી, તેથી ગુરુએ યોગ્ય ગણી તેમને '**વાચનાચાર્ય**' પદ આપ્યું હતું. પોતાના દેશના ( માળવાના ) લોકોની વિનતિ સાંભળી તેમને લાગી આવ્યું કે:—'આ બધું મારા જ નિમિત્તે થયું છે માટે ગમે તેમ કરીને મારે જ આનો પ્રતિકાર કરવો જોઇએ.' **શોભનમુનિ; ડરપોક અને સુખમાં મસ્ત રહેનાર સાધુ ન હતા, કે જેથી કર્મો ઉપર અથવા કલિકાલ ઉપર દોષ દઇ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નિરાશ થઇ બેસી રહે.** તેમનામાં હિમ્મત હતી, શાસનની દાઝ હતી અને ગમે તેવાને સમજાવવાની વિદ્વત્તા પણ હતી. તેથી માળ-વામાં જઇ બગડેલી સ્થિતિને સુધારવાની પોતાની ઇચ્છા શોભન મુનિએ ગુરુ આગળ કહી બતાવી. ગુરુએ તેમને હરેક રીતે યોગ્ય સમજી ત્યાં જઇ સુધારો કરવા આજ્ઞા આપી. બસ, પછી શું ? ' इष्टं वैद्योपदिष्टं ' ' ભાવતું હતું ને વૈદ્યે કહ્યું ' જેવું થયું. ગુરુની આશિષ્ મેળવી કેટલાક સાધુઓને સાથે લઇ શોભનમુનિએ **ધારા** ભણી વિહાર લંબાવ્યો. ઉગ્ર વિહાર કરી થોડી મુદતમાં તેઓ **ધારા**નગરીમાં પ્રવેશ કરતા દેખાયા. લોકો તેમને અનિમેષ દૃષ્ટિએ ચકિત થઇ જોતા હતા. ' અરે ! આ જૈન સાધુઓ અહીં કયાંથી ? શા માટે આવ્યા ? હમણાં રાજપુરુષો એમને પકડશે. રાજા ગુસ્સે થઇને કોણ જાણે શું કરશે. ? ' આમ જ્યાં ત્યાં લોકો આપસમાં અનેક પ્રકારની વાતો કરતા દેખાતા હતા. જૈન ધર્મના દ્વેષી કેટલાક લોકોને ઇર્ષ્યા થવા લાગી, જ્યારે જૈનો આનંદથી ઉભરાવા લાગ્યા.

પ્રવેશ કરતી જ વખતે રાજવાડામાં જતો કવિ **ધનપાલ** રસ્તામાં મળ્યો. જૈન સાધુઓને જોઇ તેમનું ઉપહાસ કરવા એક વાકય તેણે કહ્યું:–' गर्दभदन्त ! भदन्त ! नमस्ते ! ' અર્થાત્:–ગધેડા જેવા દાંતવાળા હે મહારાજ ! તમને નમસ્કાર થાઓ. ઘણા વર્ષો વીતી જવાથી શોભનમુનિને તે પોતાના ભાઇ તરીકે ઓળખી શકયો નહિ, પણ **શોભનમુનિએ તો ધનપાલને ઓળખી લીધો હતો** તેથી ઉપહાસવાળા વાકયને અનુકૂળ ચમત્કારયુકત ઉપહાસ-પૂર્વક **શોભનમુનિ** બોલ્યા કે:–' कपिवृषणास्य ! वयस्य ! सुखं ते ? ' અર્થાત્–વાંદરાના વૃષણ ( અંડકોશ ) જેવા મુખવાળા હે મિત્ર ! તું સુખમાં તો છેના ?. પોતાના કરતાં વધુ ચમત્કારવાળું શોભ-નનું પ્રતિવાકય સાંભળી ધનપાળ ચમકયો ને ઝાંખો પડી બોલ્યો કે, ' હું તમારી વાકય ચતુરાઇથી પરાસ્ત થયો છું. આપ કોણ છો ? કયાંથી આવો છો ? અને કોના મહેમાન છો ? ' શોભને ' અમે તમારા જ મહેમાન છીએ ' એમ કહી ધનપાળને વધારે મુંઝવણમાં નાખ્યો. શોભનમુનિની વિદ્વત્તાથી આકર્ષાઇ પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણસ સાથે ધનપાળે શોભનમુનિને ઉપાશ્રયે મોકલ્યા. ધારાવાસિઓમાં હજુ કોઇપણ જાણી શકયું ન હતું કે આ બંને એક જ માતાના પુત્ર સગા ભાઇ છે.

**ધનપાળને પ્રતિ-બોધ અને બે ભાઈઓની ભેટ.**

**ધારા**ની સ્થિતિ સુધારવા શોભનમુનિના મનમાં અનેક સંકલ્પ વિકલ્પો થવા લાગ્યા. તેઓ બાહોશ અને યુક્તિબાજ હતા. તેમણે પોતાના સાધુઓને બે ધનપાળને ત્યાં ગોચરી લેવા મોકલ્યા. પ્રશાંત આકૃતિવાળા બે જૈન મુનિઓએ જૈન ધર્મના કટ્ટર દુશ્મન ધનપાળના ઘેર જઇ **ધર્મલાભ**નો પવિત્ર નાદ સંભળાવ્યો. ધનપાળ તે વખતે સ્નાન કરતો હતો. તેની સ્ત્રીએ સાધુને કહ્યું કે 'અહીં ખાવાનું નહિ મળે, ચાલ્યા જાવ.' ધનપાળે પોતાની સ્ત્રીને કહ્યું કે:–'અતિથિને નિરાશ કરવો તે મોટો અધર્મ છે, માટે કંઈને કંઇ તો આપ.' તે સ્ત્રી ત્રણ દિવસનું દહીં લાવી મુનિને આપવા લાગી. મુનિએ પ્રશ્ન કર્યો કે:–'બ્હેન, આ કેટલા દિવસનું છે?' ઉત્તરમાં તે ચિડાઇને બોલી 'આમાં જીવડાં (પોરા) પડી ગયાં છે શું? લેવું હોય તો લો નહિ તો રસ્તો પકડો.' મુનિ બોલ્યા કે:–'બ્હેન તમે ન કામો ક્રોધ શા માટે કરો છો? અમારો આચાર છે માટે પુછીએ છીએ. હવે રહી જીવડાની વાત. તેના ઉત્તરમાં કહેવાનું કે:–બે દિવસ ઉપરાંત **દહીંમાં ખટાશ વધતી જાય છે, તેથી તેમાં તે રંગના જીવો ઉત્પન્ન થાય છે** એમ જૈન શાસ્ત્રો કહે છે. તેની સાક્ષાત્ પ્રતીતિ કરવી હોય તો અલતો લાવી દહીંમાં નાખો.' ધનપાળ ત્યાં આવી આ બધી વાત રસપૂર્વક સાંભળતો હતો. તેણે કૌતુક જોવાની ખાતર અથવા તત્ત્વ નિશ્ચય કરવાની ખાતર અલતો મંગાવી દહીંમાં નાખ્યો. થોડી વારમાં જ તેમાં કેટલાક તે જ વર્ણના–દહીંના રંગના જંતુઓ ઉપર ચાલતા દેખાયા. ધનપાળનું હૃદય આ દશ્ય જોઈ પીગળ્યું. બહુ આશ્ચર્ય થતાં તેના હૃદયે પલટો ખાધો. **જૈન ધર્મની શ્રદ્ધાનું તેનામાં બીજ રોપાયું.** જાણે શાસ્ત્રાર્થમાં પરાસ્ત થયો હોય; તેમ નમ્ર થઈને તે મુનિને

For Private And Personal Use Only

કહેવા લાગ્યો કે, આપ કોણ છો? કોના શિષ્ય છો? ક્યાં ઉતર્યા છો?. મુનિએ યોગ્ય ઉત્તરો આપ્યા પછી મુનિઓની સાથે જ **ધનપાળ ઉપાશ્રય ભણી ચાલ્યો.**

**શોભન** મુનિએ પોતાની યુક્તિથી જે સુંદર પરિણામ ધાર્યું હતું તે જ આવ્યું. તે પરિણામનો સાક્ષાત્કાર કરવાની તેઓ વાટ જોઈ રહ્યા હતા. ધનપાળને દૂરથી આવતો જોઈ પોતાના મ્હોટા ભાઈ સમજી, અથવા તેને વધુ આકર્ષવા તેઓ (શોભન-મુનિ) થોડા સામે આવ્યા. ધનપાળને મધુર વચનથી શોભનમુનિએ બોલાવ્યો, અને માનપૂર્વક તેને સમાન આસને બેસાડ્યો. જ્યારે ધનપાળને ખબર પડી કે આતો '**મારો નાનો ભાઇ શોભન છે**' ત્યારે તેનું હૃદય પ્રેમ અને લજ્જાથી વિચિત્ર પ્રકારનું બન્યું, તેમાં શ્રદ્ધા અને વાત્સલ્યનાં પૂર ઉછળવા લાગ્યાં. જૈન ધર્મ અને જૈન સાધુ ઉપર તેનું માન વધ્યું. ધનપાળે શોભનમુનિને કહ્યું કેઃ--'**તમે જૈન દીક્ષા લઇ આપણા કુળને ખરેખર અજવાળ્યું છે. તમને ધન્ય છે, તમે મહાત્મા છો, શાસ્ત્રના પારંગત છો, માટે મને સાચો ધર્મ બતાવો.**' શોભનમુનિને જોઇતું હતું તેજ થયું. તેઓએ પ્રશાન્ત, ગંભીર અને પ્રેમાળ વચનથી જૈન ધર્મના સર્વ-વ્યાપિ અકાટ્ય સિદ્ધાન્તો અને આચારોનો મહાકવિ ધનપાળને સુંદર પરિચય કરાવ્યો. ધનપાળ એક મહાન્ પંડિત તો હતો જ એટલે જૈન સિદ્ધાન્તો સમજવામાં તેને મુશ્કેલી પડી નહિ, કેમકે **જૈન ધર્મ સાચા બુદ્ધિશાળીઓને માટે જેટલો જલ્દીથી સુકર અને આદરણીય થઇ શકે છે તેટલો અનભિજ્ઞો-અલ્પબુદ્ધિવાળાઓ માટે નહિ.**

**જ્યારે ધનપાળ જૈનધર્મ સ્વી-**

**શોભનમુનિનો** શોભન અને સાત્ત્વિક ઉપદેશ સાંભળી આનંદ-પૂર્વક અતિ ભાવુક શબ્દોથી ધનપાળે કહ્યું કેઃ-'**આજે મેં સાચો ધર્મ જાણ્યો છે માટે અત્યારથી જ હું તે જૈન ધર્મ**

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**કારી પોતાનું સ્વીકારી તેનું શરણુ લઉં છું.** પહેલાં

**જીવન જૈનધર્મને સોંપે છે.**

જૈન ધર્મનો દ્વેષ કરી આ પ્રદેશમાં બાર વરસ સુધી જૈન સાધુનો વિહાર બંધ કરાવ્યો તે મેં મોટો અપરાધ કર્યો છે. અત્યારે હું તે મારી ભયંકર ભૂલનો પશ્ચાત્તાપ કરું છું.' આખાય માળવામાં પંકાયેલ વિદ્વાન્ કવિ ધનપાળ ઉપર શોભનમુનિના ઉપદેશની કેટલી સચોટ અસર થઈ હશે તેનું અનુમાન, તેના શ્રદ્ધા, ભક્તિ અને નમ્રતાથી ભરેલા આ શબ્દોથી સહેજે કરી શકાય છે.

આ પછી તત્કાલ **મહાકવિ ધનપાળે, શોભન મુનિની સાથે મહાવીર પ્રભુના મંદિરમાં જઇ ભાવપૂર્વક પ્રભુની સ્તુતિ કરી વિધિપૂર્વક જૈન ધર્મ સ્વીકાર્યો.** ધનપાળના જીવનમાં આજે મહાન્ પરિવર્તન થયું. એક વખતનો જૈનધર્મનો મહાન્ વિરોધી બ્રાહ્મણ પંડિત આજે જૈનધર્મનું શરણુ સ્વીકારી ચુસ્ત જૈન બને છે. હવેથી ભોજરાજાનો માનીતો રાજપંડિત અને બાણુના બીજા અવતાર સમો ધનપાળ કવિ પોતાની વિદ્વત્તા અને યશ જૈનધર્મને આપવા નિર્ણય કરે છે. ધનપાળના આવા મહાન્ પરિવર્તનનો યશઃ અને પુણ્ય **આપણા ચરિત્ર નાયક શોભનમુનિને જ છે.** શોભનમુનિના જીવનમાં આ એક મહાન્ કાર્ય થયું. ઘણા વખતની તેમની ભાવના સફળ થતાં તેમના આત્મામાં આનંદ અને સંતોષ થયો. તેઓ પોતાનું સફળ જીવન વિશેષ સફળ માનવા લાગ્યા. પહેલાંના સાધુઓમાં **શાસન સેવા કે પ્રભાવના કરવાની કેવી ભાવના અને શકિત હતી તે આ બનાવથી પાઠકો જાણી શકશે.** જૈન સંઘમાં આ બનાવથી ચોમેર આનંદ ફેલાયો. દેશપરદેશમાં વીજળીના વેગે આ સમાચારો ફરી વળ્યા. હિંદભરમાં **શ્રીશોભનમુનિનું નામ વધારે મશહૂર અને પ્રભાવિક બન્યું.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ધનપાળનો ટૂંક પરિચય.**

સિદ્ધસારસ્વતકવિ ધનપાળનું જીવન દિવસે દિવસે વધારે ધાર્મિક થતું ગયું. તે શ્રદ્ધાથી શુદ્ધ શ્રાવક-ધર્મને પાળવા લાગ્યો. તેણે રાજા **ભોજને** સમજાવી માલવામાં જૈન સાધુનો વિહાર છૂટો કરાવ્યો. કલ્પના શક્તિ અને શબ્દાર્થની પ્રૌઢતામાં કાદંબરીને પણ ટક્કર મારે તેવી નવ રસથી પૂર્ણ **'તિલકમંજરી'** નામની **જૈન આખ્યાયિકા** ( કથા ) બનાવી તેણે જૈન સાહિત્ય અને પોતાના જીવનને યશસ્વી કર્યાં. તે ઉપરાંત **સત્યપુરીય મહાવીરોત્સાહ, વીરસ્તવ, પાઇયલચ્છીનામમાળા, ઋષભપંચાશિકા** અને **સાવયવિહી** વિગેરે ગ્રંથો પણ ધનપાળ કવિએ બનાવ્યા કે જે સંસ્કૃત પ્રાકૃતના સાહિત્યમાં આજે પણ ઊંચું સ્થાન ભોગવે છે. તેના સમયમાં ધનપાળ, એક મહાકવિ અને પ્રચંડ પંડિત તરીકે મનાતો હતો. **કૌલકવિધર્મ** વિગેરે પંડિતોને તેણે પરાસ્ત કર્યા હતા.

**મુંજરાજા** તેને પુત્ર તરીકે માનતો. અને **ભોજરાજા** તો તેનો **ખાસ મિત્ર** અને **મહેરબાન** હતો. **સરસ્વતીનું** ટાઇટલ તેને **મુંજરાજા** તરફથી મળ્યું હતું. ( જુઓ તિ. મં. ૫૩ ) સર્વતંત્રસ્વતંત્ર સર્વશાસ્ત્રપારંગત શ્રી**હેમચંદ્રાચાર્ય** જેવાએ પણ **ધનપાળની બનાવેલી કવિતાથી જૈનમંદિરમાં જિનેશ્વરની બહુમાનપૂર્વક સ્તવના**[1] **કરી હતી. 'હૈમકોષ**[2]**' 'હૈમકાવ્યાનુશાસન**[3]**'** અને **'હૈમછન્દોऽનુશાસન**[4]**'**ની વૃત્તિમાં

---

૧ કુમારપાળ પ્રબંધમાં–હેમાચાર્યે ધનપાળની બનાવેલ સ્તુતિ બોલ્યાનો ઉલ્લેખ છે.

૨ "××× व्युत्पत्तिर्**धनपालतः**" । ××× **હૈમકોષની સ્વોપજ્ઞ ટીકા.**

૩ **હૈમકાવ્યાનુશાસન**ના "अर्थभेदभिन्नानां भङ्गाऽभङ्गाभ्यां युगपदुक्तिः श्लेषः" સૂત્રની સ્વોપજ્ઞવૃત્તિ ( અધ્યાય ૫, પેજ ૨૩૧ નિર્ણય સાગરની આવૃત્તિ )માં **तिलकमंजरी**ની ભૂમિકાના "**प्राज्यप्रभावः प्रभवो**" બીજા પદ્યને ઉદાહરણ તરીકે ટાંક્યું છે.

૪ **हैमच्छन्दोऽनुशासन**ના પાંચમા અધ્યાયના સોળમા "**प्राचदाश्वि...**"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ધનપાળ અને તેની કવિતાનો ઉલ્લેખ મળી આવે છે. આ ઉપરથી સમજાય છે કે, ધનપાળ દૃઢ સમ્યકત્વી, આદર્શ કવિ તથા સમર્થ વિદ્વાન્ હતો. ' भविसयत्तकहा ' નો કર્તા **ધનપાળ**; આ ધનપાળથી જુદો છે. અન્યાન્ય ગ્રંથોમાં ધનપાળનું જીવન લાંબુ અને ઘણું રસિક છે, પણ આ સ્થળે અપ્રસ્તુત હોવાથી મને લખવાની જરૂર જણાતી નથી, પાઠકો અહીં તો આટલાથી જ સંતોષ માની લેશે એવી આશા રાખું છું. અસ્તુ.

**માળવામાં જૈન સાધુઓ.**

હવે આપણે ફરી પ્રસ્તુત વાત ઉપર આવીશું. શોભનમુનિના મહાન્ પ્રયત્નથી આખા માળવામાં જૈન સાધુઓના સમૂહો વિચરવા લાગ્યા. માળવાના જૈનોમાં નવું જીવન આવ્યું. ઠેર ઠેર ધાર્મિક ઉત્સવો થવા લાગ્યા. સંઘની વિનતિથી શોભનમુનિના ગુરુ [1]**ધારાનગરી**માં પધાર્યા. શિષ્યના

---

(૫-૧૬) સૂત્રની **સ્વોપજ્ઞવૃત્તિ**માં ( શ્રી આનંદસાગરજી સંપાદિત આવૃત્તિ પૃ૦ ૩૬ માં ) તિલકમંજરી ( પૃ૦ ૧૭૭ ) નું " शुष्कशिखरिणि कल्पशाखीव......" પદ્ય મળી આવે છે.

**तिलकमंजरी** ઉપર **શાંતસૂરિ**એ વિક્રમની ૧૧ મી સદીમાં ટિપ્પણ રચ્યું. પાટણના પલ્લિવાલ **ધનપાલે** વિ. સં. ૧૨૬૦ માં તિ. મં. નો સાર પદ્યમાં ઉતાર્યો. **લક્ષ્મીધર** પંડિતે વિ. સં. ૧૨૮૧ માં એક બીજો સાર ૧૧૮૮ અનુષ્ટુપ્ શ્લોકોમાં બનાવ્યો છે. ( છપાઇ ગયો છે ). અઢારમી સદીમાં **પદ્મસાગરગણિ**એ તિ. મં. ઉપર વૃત્તિ અને વીસમી સદીમાં પં. **લાવણ્યવિજયજી**એ ટીકા બનાવી છે. વિશેષ માટે જુઓ શ્રી જિન વિ. નો ' તિલકમંજરી ' લેખ.

મહાકવિ ધનપાળ માટે મેરુતુંગાચાર્ય કહે છે: —

" वचनं **धनपालस्य** चन्दनं मलयस्य च ।
सरसं हृदि विन्यस्य कोऽभून्नाम न निर्वृतः ? ॥ १ ॥ "

—**પ્રબંધચિંતામણિ પૃ૦ ૪૨.**

૧ પ્રાચીન **ધારા** અને ત્યાંનાં સ્થાનો વિષે માહિતી માટે જુઓ ઇસ્વીસન્ ૧૯૩૩ના જુનના ' **શારદા** 'ના અંકમાં છપાએલ " **ભોજરાજાની ધારા નગરી** " નામનો મ્હારો લેખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયાસની થએલી સફલતા અને સર્વત્ર ફેલાયલી શિષ્યની કીર્ત્તિને જોઇ ગુરુના આનંદનો પાર રહ્યો નહિ. ધનપાળે પોતાના ખર્ચે ધારામાં **ઋષભદેવનું જૈનમંદિર** બંધાવી તેની **પ્રતિષ્ઠા** શોભનમુનિ અને તેમના ગુરુ પાસે કરાવી. માળવામાં બીજાં પણ અનેક ધાર્મિક કાર્યો કરી શોભનમુનિએ ગુરુ સાથે ગૂજરાત તરફ વિહાર કર્યો.

**શોભનમુનિનું વ્યક્તિત્વ.**

**સંસ્કારી** કુટુંબમાં જન્મ્યા હોવાથી અને યોગ્ય ગુરુના સમાગમથી શોભનમુનિમાં ઊંચા પ્રકારનું વ્યક્તિત્વ પ્રગટયું હતું. તેમના વ્યક્તિત્વ માટે ધનપાળ કવિ ' चतुर्विंशतिका 'ની ટીકામાં લખે છે કેઃ–' શરીરથી રૂપાળો, ગુણથી ઉજ્વલ, સુંદર નેત્રોવાળો **શોભન** નામનો સર્વદેવનો પુત્ર હતો; કે જે **કાતંત્ર વ્યાકરણ**નાં ગૂઢ તત્ત્વોનો જાણકાર હતો, **જૈન બૌદ્ધ** તત્ત્વોમાં નિષ્ણાત હતો અને સાહિત્ય શાસ્ત્રનો અઠંગ વિદ્વાન્ હોઇ, કવિઓને માટે ઉદાહરણભૂત હતો.[1] કુમારાવસ્થામાં જ **શોભને** કામને પરાસ્ત કર્યો, પાપના વ્યાપારનો ત્યાગ કર્યો અને અહિંસા ધર્મને સારી પેઠે પાલન કર્યો હતો.'

**શોભનમુનિની કૃતિ.**

**શોભન**મુનિની બુદ્ધિ તીક્ષ્ણ હતી. ભાવના ઉદાત્ત હતી. જીવન ભવ્ય અને રસિક હતું. કાવ્ય સાહિત્યમાં તો તેઓ ઘણા જ આરપાર ઉતરી ગયા હતા. તેના ફલ સ્વરૂપમાં તેઓએ ' भव्याम्भोजविबोधनैकतरणे ! ' થી શરૂ થતી ૯૬ શ્લોકની ન્હાની પણ વિવિધ જાતના અલંકારોથી પૂર્ણ ચમત્કાર વાળી એક કૃતિ બનાવી. આમાં પ્રત્યેક તીર્થંકર, (ચોવીસે તીર્થંકર) જૈનાગમ અને સોળ વિદ્યાદેવીઓ વિગેરેનું કાવ્યની પદ્ધતિથી વર્ણન છે. આ કૃતિની અંદર શબ્દાલંકાર, **અને તેમાંય ખાસ કરીને ' યમક ' અને ' અનુપ્રાસ ' ની અનેરી છટા જોવામાં**

---

૧ " **कातन्त्र**तन्त्रोदिततत्त्ववेदी यो बुद्ध**बौद्धा**ऽऽर्हततत्त्वतत्त्वः ।
**साहित्य**विद्यार्णवपारदर्शी निदर्शनं काव्यकृतां बभूव ॥ ४ ॥
શોભન સ્તુતિની **ધનપાલ કૃત ટીકા**ના ૧ થી ૭ સુધી શ્લોકો ઉપયોગી **છે.**

For Private And Personal Use Only

**આવે છે.** કોઇ ઠેકાણે **મધ્યાન્ત યમક**, કોઇ સ્થળે **આદિમધ્ય યમક** ( મધ્યાન્ત યમકની સાથે ), કોઇ જગ્યાએ **આદ્યન્ત યમક**, કોઇ પદ્યમાં **સંયુતાવૃત્તિ યમક** અને કોઇ સ્થળે **અસંયુતાવૃત્તિ** યમક વિગેરે અલંકારો ગોઠવ્યા છે.[1]

**આ** કૃતિમાં ન્હાના મોટા અનેક પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ છંદો છે કે જે વિદ્વાનોને જ્ઞાન અને આનંદ ઉત્પન્ન કરે છે. વિવિધ અલંકારો અને છંદોમાં પોતાના ભાવો ગોઠવવા તે કેટલી મુશ્કેલની વાત છે તે કવિતા બનાવનાર જ સમજી શકે તેમ છે. આ ગ્રંથ બનાવતી વખતે શોભનમુનિનું ચિત્ત કેવું એકાગ્ર બન્યું હતું? તેનું એક ઉદાહરણ **પ્રભાવક ચરિત્રમાં** મળે છે. જ્યારે **શોભનમુનિ** પ્રસ્તુત '**જિન સ્તુતિ ચતુર્વિંશતિકા**' બનાવતા હતા, તે અરસામાં તેઓ ગૌચરી ( ભિક્ષા ) લેવા ગયા. ચાલતાં ચાલતાં પણ પ્રસ્તુત કૃતિ બનાવવાની એકાગ્રતામાં તેમનું ચિત્ત પરોવાએલું હતું, તેથી ખ્યાલ નહિ રહેવાથી તેઓ એક જ શ્રાવકના ઘરે ત્રણવાર ફરી ફરી ગૌચરી ગયા. જ્યારે શ્રાવિકાએ શોભનમુનિને પૂછયું કે, 'આમ ફરી ફરી ગોચરી આવવાનું શું કારણ?' ઉત્તરમાં શોભનમુનિએ કહ્યું કે:–'અત્યારે કવિતા બનાવવામાં જ મારું મન પરોવાએલું છે તેથી મને ખબર ન રહી કે હું કોને ત્યાં જઉં છું અને શું કરું છું?' પૂછનાર બાઇએ શોભનમુનિના ગુરુની આગળ પણ આ વાત કહી. ગુરુ આ વાતથી ઘણા જ રાજી થયા અને શિષ્યની જ્ઞાનરસિકતાથી સંતોષ પામી તેમણે શોભન મુનિનાં વખાણ કર્યાં.[2] શોભનમુનિને કવિતા બનાવવાનો કેવો રસ હતો તે આ એક જ પ્રસંગથી વાચકો જાણી શકશે. ખુશીની વાત છે કે પ્રસ્તુત કૃતિની સુંદરતાથી આકર્ષાઇ ઘણા લોકો આ સ્તુતિ–'થોય' ને પ્રતિક્રમણાદિ ક્રિયાઓમાં બોલે છે. પાક્ષિક આદિ પ્રતિક્રમણોમાં આ પવિત્ર વિદ્વાનની થોય દાખલ કરાય તો કેવું સારું થાય?

---

૧ આ બધા યમકોનાં લક્ષણો અને ઉદાહરણો **વાગ્ભટાલંકાર, સરસ્વતીકંઠાભરણ** વિગેરે ગ્રન્થોમાં છે.

૨ જુઓ મહેન્દ્રસૂરિ ચરિત્ર. ( પ્રભાવક ચરિત્રમાં ).

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શોભનમુનિનું અવસાન.**

દુનિયામાં વિદ્વાનો અને સજ્જનો કોઇ કોઈ વાર જલ્દીથી જગતને છોડી ચાલ્યા જાય છે. શોભનમુનિ માટે પણ તેમજ થયું !. તેમને તાવનો ભયંકર જીવલેણ રોગ લાગુ પડ્યો, તેના પરિણામે યુવાવસ્થામાં તરત જ તેઓ મર્ત્ય (મનુષ્ય) લોકને છોડી અમર્ત્ય લોક ( સૌધર્મદેવલોક ) ના અતિથિ થયા--સ્વર્ગવાસી થયા. દુર્ભાગ્યે તેમનું આ મરણ શા કારણથી, કયે સ્થળે અને કયે દિવસે થયું ? તે જાણવાનું ચોક્કસ સાધન અત્યારે આપણી પાસે નથી, પણ શ્રીમાન્ **જિનવિજયજી** સંપાદિત પ્ર૦ ચિં૦ ની આવૃત્તિના '**ભોજભીમ** પ્રબંધ' માં પાઠ છે કે:–' શોભનમુનિ; સ્તુતિ કરવાના ધ્યાનની એકાગ્રતાથી એક બાઇને ત્યાં ત્રણવાર ( ગૌચરી માટે ) જવાથી તે બાઇની નજર લાગી અને તેથી **શોભનમુનિ કાલ કરી ગયા**–સ્વર્ગવાસી થયા.[1]' મને લાગે છે કે જે બાઇને ત્યાં ત્રણવાર ગૌચરી જવાનું પ્રભાવક ચરિત્રના મતથી હું ઉપર લખી ગયો છું તેજ બાઇની કદાચ શ્રી શોભનમુનિને નજર લાગી હશે. આવા કારણથી સાધુનું મૃત્યુ થાય તેવા દાખલાઓ બહુજ વિરલ બને છે, પણ આમાં બે ઐતિહાસિક ગ્રંથોના પાઠો છે એટલે આ વાતને આપણે જુઠ્ઠી કહેવાનું સાહસ તો નજ કરી શકીએ. ઉપર્યુક્ત કારણથી તેઓ **ગુજરાતમાં** ઘણે ભાગે ( પાટણમાં ? ) **લગભગ ત્રીશથી ચાળીશ વર્ષની ઉમરમાં અકાળે સ્વર્ગવાસી થયા હશે** ? એમ મારું અનુમાન છે.

**સાહિત્ય** દૃષ્ટિએ મહાન્ શક્તિ ધરાવનાર, અનેક ગ્રંથો લખવાની અને શાસનની સેવા કરવાની ઉદાત્ત ભાવનાવાળા આ તરુણમુનિ જો વધુ જીવ્યા હોત તો **કાવ્ય અને અલંકારના અનેક મૌલિક ગ્રંથોનો જૈન સમાજને વારસો આપી**

---

૧ इतश्च शोभनः स्तुतिकरणध्यानाद् एकस्या गृहे त्रिर्गमनात् **तस्या दृष्टिदोषाद् मृतः** । प्रान्ते निजभ्रातुः पार्श्वात् स्तुतीनां वृत्तिं कारयित्वा अनशनात् सौधर्मे गतः । પ્રબન્ધચિન્તામણિ પૃ. ૪૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શકયા હોત,** પણ કમનસીબે તેમ ન બન્યું ! ફક્ત તેમની પ્રસ્તુત '**જિન સ્તુતિ ચતુર્વિંશતિકા**' નામની એકજ કૃતિ આજના જૈન સમાજને વારસામાં મળી છે. જો કે તેમની આ એક કૃતિ પણ તેમના ઉજ્જ્વલ યશને કરનારી છે એમાં તો કોઈ જાતનો શક નથી.

## ઐતિહાસિક આલોચના.

પહેલાં હું લખી ગયો છું તેમ શ્રી **શોભન મુનિ**ના ગામ, ગુરુ, વિગેરેની બાબતોમાં અનેક ગ્રંથકારોના મતભેદો છે, તેમાં મુખ્ય આ છે—

### મતભેદનું કોષ્ઠક.

| ગ્રંથનું નામ. | ગ્રંથકાર. | શોભનનું ગામ. | શોભનના પિતા. | શોભનના ગુરુ. |
|---|---|---|---|---|
| તિલકમંજરી | કવિ ધનપાલ | ધારા | સર્વદેવ | |
| સ્તુતિ ચતુર્વિંશતિકાની ટીકા | ,, | ,, | ,, | |
| પ્રભાવક ચરિત્ર | પ્રભાચંદ્રસૂરિ | ,, | ,, | મહેન્દ્રસૂરિ |
| ઉપદેશપ્રાસાદ | વિજયલક્ષ્મીસૂરિ | ,, | લક્ષ્મીધર | |
| ઉપદેશકલ્પવલ્લિ | ,, | ,, | | |
| સમ્યકત્વસપ્તતિકા | સંઘતિલકસૂરિ | ઉજ્જૈન | સોમચંદ્ર | જિનેશ્વરસૂરિ |
| આત્મપ્રબોધ | જિનલાભસૂરિ | અવન્તી | સર્વધર | |
| પ્રબંધચિંતામણિ | મેરુતુંગસૂરિ | વિશાલા | સર્વદેવ | વર્ધમાનસૂરિ |

ઉપર લખેલા આઠ ગ્રંથોમાં શોભનના **ગામ**વિષે ચાર મત, **પિતા** વિષે ચાર, અને શોભનના **દીક્ષા ગુરુ** વિષે ત્રણ મત થવા પામ્યા છે. આમાં કયો મત સાચો ? એ પ્રશ્ન ઘણો ગુંચવણ ભરેલો છે. શ્રીયુત પ્રો. હીરાલાલ. આર. કાપડીયાએ '**શોભનસ્તુતિ**' **અને તેની ઘણી ટીકાઓના સંપાદન** ઉપરાંત આ ગ્રંથનું ઘણું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાંબું ગુજરાતી ભાષાન્તર કર્યું છે. લંબાણથી પ્રસ્તાવના લખવા છતાં **શોભન મુનિના જીવન વિષે કોઈ પણ જાતનો નિર્ણય** તેમણે **કર્યો નથી.** હું નથી સમજી શકતો કે આટલા મોટા પુસ્તકમાં તેઓએ શોભનના વિષયમાં મહત્વનું કેમ નથી લખ્યું? અસ્તુ.

જોકે અત્યારે વિસ્તારથી હું લખવા બેઠો નથી, છતાં આ સ્થળે આ સંબંધે હું થોડી વિચારણા કરવા યત્ન કરું છું.

**ગામની પરીક્ષા.** ઉપરના કોષ્ઠકથી જણાય છે કે જુદા જુદા ગ્રંથોમાં શોભનના પિતા સર્વદેવની **નગરીનાં ધારા,** **ઉજ્જયિની, અવન્તી** અને **વિશાલા** એમ ચાર નામો લખ્યાં છે.

**આચાર્ય** શ્રીહેમચંદ્રના **અભિધાનચિંતામણિ કોષમાં અવન્તી, વિશાલા** અને **પુષ્પકરંડિની** આ ત્રણે **ઉજ્જયિની** ( ઉજ્જૈન ) ના પર્યાય[1] શબ્દો લખ્યા છે. આનાથી આટલો ખુલાસો તો થઈ જાય છે કે, [2]**અવન્તી** અને **વિશાલા** આ બે ઉજ્જૈનનાં અપર ( પર્યાય ) નામો છે. હવે શોભનની નગરી વિષે; ધારા ( ધાર ) અને ઉજ્જૈન આ બે મત રહ્યા. ધારાના મતમાં **પાંચ** ગ્રંથો છે જ્યારે ઉજ્જૈનના મતમાં **ત્રણ** ગ્રંથો છે. આ બે મતભેદ ધરાવનાર ગ્રંથોમાં એક બાજુ **પ્રભાવકચરિત્ર, તિલકમંજરી, શોભનસ્તુતિટીકા** જેવા ગ્રંથો છે અને બીજી બાજુ **પ્રબંધચિંતામણિ** છે. પ્રબંધ ચિંતામણિના ઉલ્લેખને પ્રમાણ વગર વખોડી પણ કઢાય નહિ, તેથી મારો મત તો એવો છે કે 'પરમાર વંશીય રાજા મુંજ ઉજ્જૈનમાં રાજધાની રાખી માળવાનું રાજ્ય કરતો હતો, તેના ઉત્તરાધિકારી **ભોજે** પણ

---

૧ " उज्जयिनी स्याद् विशालाऽवन्ती पुष्पकरण्डिनी ॥
અભિધાનચિન્તામણિ " ૪–૪૨

૨ હ્રસ્વઇકારાન્ત **અવન્તિ** શબ્દ માલવાદેશનો વાચક છે, જુઓ હૈમકોષમાં ( ૪–૨૨ ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં જ પ્રારંભમાં રાજધાની રાખી હતી, પણ ગુજરાત તરફના રાજાઓનાં આક્રમણો તે વખતે અવારનવાર થયાં કરતાં હતાં,[1] તેથી રખેને ગુજરાતથી દાહોદ, ગોધરા, રાજગઢ, અને ધારાના રસ્તે થઇ ગુજરાતના રાજા માળવા ઉપર ચઢાઇ કરી આવે ? એવી આશંકાથી ભોજરાજાએ **ધાર**માં વધુ સ્થિરતા કરી બધાં દફતર ત્યાં આણ્યાં હોય ? એટલે કે **ધારાનગરીને રાજધાની કરી** ત્યાં વધુ વખત ભોજ રહેવા લાગ્યો હશે.' તે પછીના ઉલ્લેખોમાં ભોજ [2]**ધારાધીશ-ધારાપતિ** તરીકે ઓળખાય છે.

**જ્યારે** રાજા ભોજ ઉજ્જૈનથી **ધારા** રહેવા ગયો તો તેના આશ્રિત પંડિતોએ પણ ત્યાંજ (ધારામાં) રહેવું જોઇએ; એટલે **ધનપાલ,** અને શોભનના પિતા પહેલાં ઉજ્જૈન રહેતા હશે ? અને પાછળથી રાજા ભોજની સાથે પોતાના પુત્રો ધનપાલ અને શોભનને લઇને તેઓ **ધારામાં રહેવા ગયા હશે.**[3] એ હિસાબે **ઉજ્જૈન** અને **ધારા** આ બન્ને નગરીમાં **ધનપાળ** તથા **શોભન** રહ્યા હતા એમ માનવામાં કશો બાધ નથી. મારા આ મતથી **પ્રભાવક ચરિત્ર** અને **પ્રબંધ-ચિંતામણિ** વિગેરે ગ્રંથોના ઉલ્લેખોનો પણ સમન્વય થઇ શકે છે. પ્રબંધચિંતામણિમાં **પૂર્વકાલની દૃષ્ટિએ વિશાલા**

---

૧ જુઓ પ્રબંધચિંતામણિનો **ભોજભીમ પ્રબંધ.**

૨ જુઓ સરસ્વતી કંઠાભરણની પ્રસ્તાવના તથા તિલકમંજરીની પ્રસ્તાવના. ભોજનો રાજ્યકાલ વિક્રમ સં. ૧૦૬૭ થી ૧૧૧૧ સુધી છે.

૩ ભોજની રાજધાની **ધારા** (ધાર)માં હતી તે વિષે શાંતિસૂરિચરિત્ર, મહેન્દ્રસૂરિચરિત્ર, સૂરાચાર્યચરિત્ર, અભયદેવસૂરિચરિત્ર, બિલ્હણકવિનું વિક્રમાંકદેવચરિત્ર, ભોજભીમ પ્રબંધ, પાઇઅલચ્છીનામમાળા, સરસ્વતી કંઠાભરણ, પ્રમેયકમલમાર્તંડની પ્રસ્તાવના, રાજવંશાવલી અને હિંદુસ્તાની ત્રૈમાસિક વિગેરે ગ્રંથો જોવા. વિસ્તારના ભયથી હું અહીં વધુ વિચાર કરતો નથી, તથા તે તે ગ્રંથોના પાઠો આપતો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**(ઉજજૈની)નો[1] અને પ્રભાવકચરિત્રાદિમાં ઉત્તરકાળની દૃષ્ટિએ ધારાનો ઉલ્લેખ છે એમ જણાય છે.**

**શોભનના પિતા.** **શોભનને** માટે ઉલ્લેખ કરનારા જે જે ગ્રંથો છે, તેમાં જૂનામાં જૂના ગ્રંથો--શોભનના સગાભાઇ કવિ **ધનપાલની તિલકમંજરી, શોભનસ્તુતિચતુર્વિંશતિકાની** ટીકા, પ્રભાચંદ્રકૃત **પ્રભાવકચરિત્ર અને પ્રબંધ ચિંતામણી** જેવા ઐતિહાસિક ગ્રંથો છે. તે બધામાં શોભનના પિતાનું નામ '**સર્વદેવ**' લખ્યું છે. સર્વદેવ નામ સિવાય બીજા નામવાળા ગ્રંથો ઘણા અર્વાચીન અને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વના નહિ હોવાથી **તેમાં લખેલાં બીજાં નામો વિશ્વસનીય નથી.** વળી ઉપદેશ પ્રાસાદમાં શોભનના પિતાનું નામ **લક્ષ્મીધર** લખ્યું છે તો તે ભ્રાન્તિમૂલક છે.

---

૧ શરુઆતમાં **પ્રબંધ ચિંતામણિકાર** 'पुरासमृद्धिशालायां विशालायां पुरि' કહી **સર્વદેવની** નિવાસ નગરી ઉજ્જૈન બતાવે છે; પણ જ્યારે શોભનમુનિ વિદ્વાન્ થઇ ફરી માલવામાં પોતાના ભાઇને પ્રતિબોધવા આવ્યા છે ત્યારે **તેઓ ધારાનગરીમાં આવ્યા છે એવો ઉલ્લેખ કરે છે.** જેમઃ-- "अभ्यस्तसमस्तविद्यास्थानेन **धनपालेन** श्रीभोजप्रसादसम्प्राप्तसमस्तपण्डितप्रष्ठप्रतिष्ठेन निजसहोदरामर्षभावाद् द्वादशाब्दीं यावत् स्वदेशे निषिद्धजैनदर्शनप्रवेशेन तद्देशोपासकैरत्यर्थमभ्यर्थनया गुरुष्वाहूयमानेषु सकलसिद्धान्तपारावारपारदृश्वा स '**शोभननामा**' तपोधनो गुरूनापृच्छ्य तत्र प्रयातो **धारायां** प्रविशन् पण्डित**धनपालेन** राजपाटिकायां व्रजता तं सहोदरमित्यनुपलक्ष्य सोपहासं गर्दभदन्त! भदन्त! नमस्ते इति प्रोक्ते"...**પ્રબંધચિંતામણિ** (જિનવિજયજી સંપાદિત) પૃ. ૩૬.

આનાથી પણ મ્હારી કલ્પના મજબૂત થાય છે કેઃ--**શોભન** વિગેરે પહેલાં **ઉજ્જૈનમાં** રહેતા હતા અને પાછળથી **ધારામાં** રહેવા આવ્યા. આમ માનવાથી બન્ને મતોનો સમન્વય પણ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શોભન મુનિના ગુરુ.**

**શોભન** મુનિના ગુરુ તરીકે ત્રણનાં નામો કોષ્ઠકમાં દેખાય છે. એક તો **મહેન્દ્રસૂરિ**, બીજા **વર્ધમાનસૂરિ** અને ત્રીજા **જિનેશ્વરસૂરિ.** ધનપાલ કવિએ સ્પષ્ટ રીતે એ ઉલ્લેખ કર્યો નથી કે સર્વદેવને નિધિ કોણે બતાવ્યો, તેની શ્રદ્ધા કયા આચાર્ય ઉપર થઇ અને શોભને દીક્ષા કોની પાસે લીધી ? અત્યારે તો શોભનના વિષે વિગતવાર જૂનામાં જૂનો ઉલ્લેખ **પ્રભાવકચરિત્ર**માં મળે છે. [1]તેમાં લખ્યું છે કે-શોભન મુનિના ગુરુ મહેન્દ્રસૂરિ હતા. આ આચાર્ય પાસેથી જ શોભનના પિતાએ નિધાનનું સ્થાન જાણ્યું, ધર્મ પામ્યો અને આમને જ પોતાનો શોભન નામનો પુત્ર દીક્ષા આપવા સોંપ્યો. આ વાતને પ્રમાણિત કરવા માટે સૂચના-રૂપે સાધન **તિલકમંજરી** છે, કે જે **શોભનના** સગાભાઈ કવિ ધનપાળે બનાવી છે. તેણે **તિલકમંજરી**ની પીઠિકામાં ઇન્દ્રભૂતિ, વ્યાસ વાલ્મિકાદિ કવિઓની સ્તુતિ કરી શ્રી **મહેન્દ્રસૂરિની** પણ સ્તુતિ કરી છે.[2] પોતાના સમયમાં શાંતિસૂરિ, સૂરાચાર્ય, અભયદેવસૂરિ, વર્ધમાનસૂરિ વિગેરે અનેક વિદ્વાન્ જૈનાચાર્યોની હસ્તી હોવા છતાં તેમની સ્તુતિ નહિ કરતાં આ આચાર્યની જ સ્તુતિ કરવામાં ધનપાલનો તેમના ઉપર દૃઢ ધર્મરાગ અને શોભનના ગુરુ તરીકેનો સંબન્ધ હોય એ કલ્પના સહેજે કરી શકાય છે. શોભનના ગુરુ આ મહેન્દ્રસૂરિ; કોના શિષ્ય હતા ? કોની પરંપરામાં થયા ? એમણે કયા અને કેટલા ગ્રંથો લખ્યા ? તે વિષે હજી સુધી કાંઇપણ જણાયું નથી. **પ્રભાવકચરિત્ર**માં **મહેન્દ્રસૂરિ**નો પ્રબંધ છે; તેનાથી તેઓ **ચાંદ્રગચ્છ**ના વિદ્વાન્ આચાર્ય હતા એટલું જણાય છે.[3]

---

૧ જુઓ પ્રભાવક ચરિત્રમાં મહેન્દ્રસૂરિ ચરિત્ર.

૨ " सूरिर्महेन्द्र एवैको वैबुधाराधितक्रमः ।
यस्यामर्त्योचितप्रौढि कविविस्मयकृद् वचः "॥ તિલકમંજરી ૩૪.

૩ तत्रान्यदाययौ **चान्द्रगच्छपुष्करभास्करः** ।
**श्रीमहेन्द्रप्रभुः** पारदृश्वा श्रुतपयोनिधेः ॥ મહેન્દ્રસૂરિચરિત્ર શ્લોક ૧૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શોભનમુનિના** ગુરુ વિષે બીજો ઉલ્લેખ '**પ્રબંધચિંતામણિ**' માં છે, તેમાં શોભનના ગુરુ **શ્રી વર્ધમાનસૂરિ** લખ્યા છે, અને ત્રીજો ઉલ્લેખ '**સમ્યકત્વ સપ્તતિકાટીકા**' નો છે. તેમાં **શ્રી જિનેશ્વરસૂરિ** જણાવ્યા છે.

એ વાત તો નક્કી છે કે:—**શોભનના સમયમાં શ્રી-વર્ધમાનસૂરિ વિદ્યમાન હતા.** તેઓ **ઉદ્યોતનસૂરિ**ના ઉત્તરાધિકારી તરીકે ભગવાન્ **મહાવીર**ની ૩૯ મી પાટે બેઠા હતા, અને તેમના શિષ્ય **જિનેશ્વરસૂરિ** ૪૦ મી પાટે થયા, એમ [1]જૂની **પટ્ટાવલિઓથી** જણાય છે. પ્રબંધચિંતામણિ જેવા ગ્રંથના ઉલ્લેખની આપણે સર્વથા અવગણના તો ન જ કરી શકીએ; તેથી એમ કલ્પના થાય છે કે, **શ્રી વર્ધમાનસૂરિ** સાથે પણ **સર્વદેવ**નો પહેલાં સંબંધ જોડાયો હશે? સર્વદેવ સાધુભક્ત હતા, એટલે આ આચાર્યથી પણ તેણે કંઇક લાભ મેળવ્યો હશે? અને મહેન્દ્રસૂરિ સાથે પાછળથી સંબંધ જોડાઇ વધ્યો હશે. અથવા વર્ધમાનસૂરિ પાસે શોભનમુનિએ થોડું ઘણું અધ્યયન કર્યું હશે તેથી વર્ધમાનસૂરિના ઉલ્લેખમાં કાંઇક સત્યતા જણાય છે. જ્યારે વર્ધમાનસૂરિનો ઉલ્લેખ શકય લાગે છે તો તેમના શિષ્ય **જિનેશ્વરસૂરિ**નો ઉલ્લેખ ગુરુના સંબંધથી પાછળના ગ્રંથોમાં થવો સંભવિત છે. ઘણા ગ્રંથકારો આવી ભૂલ સહેજે કરી બેસે છે એટલે 'સમ્યકત્વ સપ્તતિકા' નો ઉલ્લેખ તેવો જ હશે?' એ બધું વિચારતાં શોભનના દીક્ષાગુરુ તો **મહેન્દ્રસૂરિ જ** હોવા જોઇએ; એમ મ્હારી કલ્પના છે. મતલબ કે **તિલકમંજરી**નો સંવાદ હોવાથી અને **પ્રભાવકચરિત્ર,** એ પ્રબંધચિંતામણિ વિગેરે કરતાં વધુ પ્રામાણિક તથા જૂનું હોવાથી **શોભનમુનિના** દીક્ષાગુરુ તરીકે **મહેન્દ્રસૂરિને** માનવા વધારે યોગ્ય છે.

---

૧ જુઓ 'खरतरगच्छपट्टावलिसंग्रह' પૃ૦ ૨૦ (શ્રીજિનવિજયજી-સંપાદિત).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શોભન**ના દાદાનું નામ '**દેવર્ષિ**'[1] હતું, જેઓ મ્હોટા દાની અને પંડિત તથા જાતથી બ્રાહ્મણ હતા.

**શોભનનું ગૃહસ્થ કુટુંબ.**

તેમના પુત્ર '**સર્વદેવ**' થયા, તેઓ વિદ્વાન્ કલાપ્રિય અને મહાકવિ હતા. સર્વદેવ; શોભનમુનિના પિતા થતા હતા. મહાકવિ '**ધનપાલ**' શોભનનો મ્હોટો ભાઈ હતો. તેમની '**સુંદરી**' નામના એક બ્હેન હતી કે જેને માટે **કવિ ધનપાળે** વિક્રમ સં૦ ૧૦૨૯માં 'पाइअ-लच्छीनाममाला' ( કોશ )[2] બનાવી છે, એમ તે ગ્રંથની પ્રશસ્તિથી જણાય છે. શોભનનું કુટુંબ લાંબાકાળથી વિદ્યાપ્રેમી તથા યશસ્વી હતું.

**શોભન**ના દાદા '**સાંકાશ્ય**' નગરના હતા. આ નગર પૂર્વ-દેશમાં છે. અત્યારે **ફરુકાબાદ** જિલ્લામાં '**સંકિસ**' નામના ગામથી તે પ્રસિદ્ધ છે.[3] સર્વદેવ વ્યવસાય–આજીવિકા માટે માલવાની રાજધાની ઉજ્જયિની ( ઉજ્જૈન )માં આવી રહ્યા હતા. પાછળના સમયમાં જ્યારે ભોજે **ધારા** ( ધાર )માં સ્થિરતા કરવા માંડી ત્યારે તે ધારામાં રહેવા આવ્યા.

**શોભનસ્તુતિ-ચતુર્વિંશતિકાની-ટીકાઓ.**

**શોભનમુનિ**ની પ્રસ્તુત કૃતિ બહુ જૂની છે. જૈનો અને વૈદિકોમાં **યમકાદિ** શબ્દાલંકારથી છલકાતી આટલી જૂની કૃતિઓ બહુ જ ઓછી મળે છે. **શોભન સ્તુતિ**ની અસર તે પછીના ઘણા કવિ વિદ્વાનો ઉપર થઇ છે. મહાકવિ વાગ્ભટ, અમર-

---

૧ अलब्धदेवर्षिरिति प्रसिद्धिं यो दानवर्षित्वविभूषितोऽपि... ।
તિલકમંજરી શ્લોક ૫૧.

૨ અત્યારસુધી મળેલા **પ્રાકૃતકોષો**માં આ જૂનામાં જૂનો પ્રાકૃતકોષ છે.

૩ જુઓ **ઇન્ડિયન હિસ્ટોરિકલ ક્વૉટરલી** ઇસ્વીસન્ ૧૯૨૯ પેજ ૧૪૨. 'सिद्धहेमचंद्रशब्दानुशासननी લઘુવૃત્તિ' માં એક ઠેકાણે લખ્યું છે કે "साङ्काश्यकेभ्यः पाटलिपुत्रका आढ्यतराः" ( ૭–૩–૬ ) નિજસંપાદિત આવૃત્તિના ૫૬૧ પેજમાં ) આનાથી સ્પષ્ટ જણાય છે કે **સાંકાશ્ય** જો કે પટનાથી ઉતરતું પણ સમૃદ્ધ નગર હતું, તથા **મધ્યદેશ**માં પ્રસિદ્ધ હતું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચંદ્રસૂરિ, કીર્ત્તિરાજોપાધ્યાય, મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિગેરેની નેમિનિર્વાણ, નેમનાથ મહાકાવ્ય, ઐન્દ્રસ્તુતિ આદિ કૃતિઓ શોભનમુનિકૃત પ્રસ્તુત કૃતિના અનુકરણ અથવા પ્રેરણાનું ફલ છે.

**શોભન**સ્તુતિમાં અનેરી સુંદરતા અને ગંભીરતા હોવાથી અનેક આચાર્યો અને કવિઓએ શોખ કે પરોપકારાર્થે તે ઉપર ટીકાઓ બનાવી છે. જેમાંની નવ ટીકા તો આજકાલ જાણીતી છે. એનાથી પ્રસ્તુત કૃતિની મહત્તા ગંભીરતા અને પ્રસિદ્ધિ સહેજે સમજી શકાય તેમ છે. તે ટીકાકારોનાં નામો આ છે:—

**ધન**પાલ, જયવિજયજી, રાજમુનિ, સૌભાગ્યસાગરસૂરિ, કનકકુશલગણિ, સિદ્ધિચંદ્રગણિ, દેવચંદ્ર, અજબસાગર અને એક બીજા અવચૂરિકાર પૂર્વાચાર્ય ( આમના નામનો પત્તો મળ્યો નથી ).

**વીસ**મી સદીમાં પણ ડૅાકટર હરમન **યાકોબી** વિગેરે વિદ્વાનોએ અંગ્રેજી, હિન્દી, ગુજરાતી વિગેરેમાં આનાં ભાષાન્તરો કર્યાં છે. **પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા**એ સ્તુતિચતુર્વિંશતિકાની અનેક ટીકાઓ સંપાદિત કરી છે. વિક્રમ સં ૧૯૭૫ મા શ્રીમાન્ **અજિતસાગરસૂરિજી** મહારાજે પણ '**સરલા**' નામની ટીકા તથા ગુજરાતી ભાષાન્તર કરેલ છે. જે થોડા ટાઇમમાં બહાર પડશે.

## ' તારણ. '

**અહીં** મહાકવિ **શોભનમુનિ**ની જીવનરેખા ટૂંકાણમાં આલેખી છે. તેમનો સત્તા સમય ઈસ્વી ૧૧ મી સદીમાં છે. તેઓ જન્મથી બ્રાહ્મણ અને પાછળથી દીક્ષા લઇ જૈનશ્રમણ (મુનિ) થયા હતા. રાજા ભોજ સાથે તેમના આખા કુટુંબનો ઘણો મીઠો સંબંધ હતો.

**શ્રી** શોભનની સ્તુતિચતુર્વિંશતિકાનાં સુંદર તથા છટાવાળાં ભક્તિ ભર્યાં કવનો કવિઓને પ્રસન્ન કરનારાં છે. લોકો આનો વધુ પ્રચાર કરી ગ્રંથકારને પણ ઓળખે એટલું ઇચ્છી આ નિબંધને અહીંજ પૂરો કરું છું.

શ્રી શોભનમુનિની કૃતિનાં વિશિષ્ટ પદ્યો પરિશિષ્ટમાં આપ્યાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શોભન સ્તુતિ ચતુર્વિંશતિકાનાં વિશિષ્ટ પદ્યો.

આ નિબંધમાં શ્રી શોભન મુનિની કૃતિ ( સ્તુતિ ચતુર્વિંશતિકા ) નો પણ પરિચય આપ્યો છે. આનાં પદ્યો ભક્તિ કાવ્ય અને અલંકારની દૃષ્ટિએ ચમત્કારવાળાં છે. તેનો રસાસ્વાદ વાચકો કરે તેવા આશયથી પ્રસ્તુત કૃતિ ( **श्रीजिनस्तुतिचतुर्विंशतिका** ) માંથી કાવ્યઅલંકાર તથા છંદની દૃષ્ટિએ મહત્ત્વનાં કેટલાંક પદ્યો ચુંટીને અત્રે આપવામાં આવે છે.

( १ )

**श्रीऋषभजिनस्तुतिः ।**

**भव्याम्भोजविबोधनैकतरणे ! विस्तारिकर्मावली–**
**रम्भासामज ! नाभिनन्दन ! महानष्टापदाभासुरैः ।**
**भक्त्या वन्दितपादपद्म ! विदुषां संपादय प्रोज्झिता–**
**रम्भासाम ! जनाभिनन्दन ! महान्, अष्टापदाभासुरैः ॥ १ ॥**

शार्दूलविक्रीडितम् ।

( २ )

**श्रीरोहिणीस्तुतिः ।**

**विशिखशङ्खजुषा धनुषाऽस्तसत्–**
**सुरभिया ततनुन्नमहारिणा ।**
**परिगतां विशदामिह रोहिणीं**
**सुरभियाततनुं नम हारिणा ॥ १६ ॥**

द्रुतविलम्बितम् ।

( ३ )

**समस्तजिनवरप्रार्थना ।**

**विधुतारा ! विधुताराः !**
**सदा सदाना ! जिना ! जिताघाताघाः ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तनुतापातनुतापा !

हितमाहितमानवनवविभवा ! विभवाः ! ॥ १८ ॥

आर्यागीतिः ।

( ४ )

## कालीदेवीस्तुतिः ।

नगदाऽमानगदा मा–

महो ! महोराजिराजितरसा तरसा ।

घनघनकाली काली

बतावतादूनदूनसत्रासत्रा ॥ २० ॥

आर्यागीतिः ।

( ५ )

## श्रीसिद्धान्तस्वरूपम् ।

भ्रान्तिच्छिदं जिनवरागममाश्रयार्थ–

माराममानम लसन्तमसङ्गमानाम् ।

धामाग्रिमं भवसरित्पतिसेतुमस्त–

माराममानमलसन्तमसं गमानाम् ॥ २३ ॥

वसन्ततिलका ।

( ६ )

## श्रीजिनसमूहध्यानम् ।

व्रजतु जिनततिः सा गोचरे ( रं ) चित्तवृत्तेः

सदमरसहिताया वोऽधिका मानवानाम् ।

पदमुपरि दधाना वारिजानां व्यहार्षीत्

सदमरसहिताया बोधिकामा नवानाम् ॥ २६ ॥

मालिनीछन्दः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ७ )

## सिद्धान्तस्तुतिः ।

सिद्धान्तः स्ताद् अहितहतयेऽख्यापयद् यं जिनेन्द्रः
सद्राजीवः स कविधिषणापादनेऽकोपमानः ।
दक्षः साक्षाच्छ्रवणचुलुकैर्यं च मोदाद् विहायः–
सद्राजी वः सकविधिषणाऽपादनेकोपमानः ॥ ३१ ॥

मन्दाक्रान्ता ।

( ८ )

## श्रीजिनेन्द्राणां स्तुतिः ।

जिनवरततिर्जीवालीनामकारणवत्सलाऽ-
समदमहिताऽमारा दिष्टासमानवराऽजया ।
नमदमृतभुक्पङ्क्त्या नूता तनोतु मतिं ममाऽ-
समदमहितामारादिष्टा समानवराजया ॥ ४२ ॥

हरिणीछन्दः ।

( ९ )

## जिनभारत्याः स्वरूपम् ।

नित्यं हेतूपपत्तिप्रतिहतकुमतप्रोद्धतध्वान्तबन्धा–
ऽपापायाऽऽसाद्यमानाऽमदन ! तव सुधासारहृद्या हितानि ।
वाणी निर्वाणमार्गप्रणयिपरिगता तीर्थनाथ ! क्रियान् मे–
ऽपापायासाद्यमानामदनत ! वसुधासार ! हृद्याहितानि ॥४७॥

स्रग्धरावृत्तम् ।

( १० )

## समस्तजिनवराणां स्तुतिः ।

सदानवसुराजिता असमरा जिना भीरदाः
क्रियासु रुचितासु ते सकलभारतीरा यताः ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सदानवसुराजिता असमराजिनाभीरदा
क्रियासुरुचितासु ते सकलभा रतीरायताः ॥ ५० ॥

पृथ्वीछन्दः ।

( ११ )

## श्रीचक्रधरायाः स्तुतिः ।

याऽत्र विचित्रवर्णविनतात्मजपृष्ठमधिष्ठिता हुतात्–
समतनुभागविकृतधीरसमदवैरिव धामहारिभिः ।
तडिदिव भाति सान्ध्यघनमूर्धनि चक्रधराऽस्तु सा मुदेऽ–
समतनुभा गवि कृतधीरसमदवैरिवधा महारिभिः ॥ ७२ ॥

द्विपदीछन्दः ।

( १२ )

## श्रीकपर्दियक्षराजस्मृतिः ।

द्विपं गतो हृदि रमतां दमश्रिया
प्रभाति मे चकितहरिद्विपं नगे ।
वटाह्वये कृतवसतिश्च यक्षराट्
प्रभातिमेचकितहरिद् विपन्नगे ॥ ७६ ॥

रुचिराछन्दः ।

( १३ )

## श्रीगोरीदेव्याः स्तुतिः ।

अधिगतगोधिका कनकरुक् तव गौर्युचिता–
ङ्कमलकराजि तामरसभास्यतुलोपकृतम् ।
मृगमदपत्रभङ्गतिलकैर्वदनं दधती
कमलकरा जितामरसभाऽस्यतु लोपकृतम् ॥ ८० ॥

तत्कुटकवृत्तम् ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( १४ )

## श्रीनेमिजिनस्तुतिः ।

विक्षेपोर्जितराजकं रणमुखे यो लक्ष्यसंख्यं क्षणा–
दक्षामं जन ! भासमानमहसं राजीमतीतापदम् ।
तं नेमिं नम नम्रनिर्वृतिकरं चक्रे यदूनां च यो
दक्षामञ्जनभासमानमहसं राजीमतीतापदम् ॥ ८५ ॥

शार्दूलविक्रीडितम् ।

( १५ )

## अम्बादेव्याः स्तुतिः ।

हस्तालम्बितचूतलुम्बिलतिका यस्या जनोऽभ्यागमद्
विश्वासेविततास्रपादपरतां वाचा रिपुत्रासकृत् ।
सा भूतिं वितनोतु नोऽर्जुनरुचिः सिंहेऽधिरूढोल्लसद्––
विश्वासे विततास्रपादपरताऽम्बा चारिपुत्राऽसकृत् ॥ ८८ ॥

शार्दूलविक्रीडितम् ।

( १६ )

## श्रीपार्श्वनाथस्तुतिः ।

मालामालानबाहुर्दधददधदरं यामुदारा मुदारा–
लीनाऽलीनामिहाली मधुरमधुरसां सूचितोमाचितो मा ।
पातात् पातात् स पार्श्वो रुचिररुचिरदो देवराजीवराजी–
पत्राऽऽपत्त्रा यदीया तनुरतनुरवो नन्दको नोदको नो ॥ ८९ ॥

स्रग्धरावृत्तम् ।

( १७ )

## जिनेन्द्राणां स्तुतिः ।

राजी राजीववक्त्रा तरलतरलसत्केतुरङ्गत्तुरङ्ग–
व्यालव्यालम्रयोधाचितरचितरणे भीतिहृद् याऽतिहृद्या ।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सारा साऽऽराज्जिनानामलममलमतेर्बोधिका माऽधिकामा-
दव्याद्व्याधिकालाननजननजरात्रासमानाऽसमाना ॥ ९० ॥

स्रग्धरावृत्तम् ।

( १८ )

## जिनवाणीस्तुतिः ।

सद्योऽसद्योगभिद् वागमलगमलया जैनराजीनराजी-
नूता नूतार्थधात्रीह ततहततमःपातकाऽपातकामा ।
शास्त्री शास्त्री नराणां हृदयहृदयशोरोधिकाऽबाधिका वाऽऽ-
देया देयाद् मुदं ते मनुजमनु जरां त्याजयन्ती जयन्ती ॥९१॥

स्रग्धरावृत्तम् ।

( १९ )

## श्रीवैरोट्यादेव्याः स्तुतिः ।

याता या तारतेजाः सदसि सदसिभृत् कालकान्तालकान्ताऽ-
पारिं पारिन्द्रराजं सुरवसुरवधूपूजिताऽरं जितारम् ।
सा त्रासात् त्रायतां त्वामविषमविषभृद्भूषणाऽभीषणा मी-
हीनाहीनाग्र्यपत्नी कुवलयवलयश्यामदेहाऽमदेहा ॥ ९२ ॥

( २० )

## श्रीमहावीरजिनस्तुतिः ।

नमदमरशिरोरुहस्रस्तसामोदनिर्निद्रमन्दा-
रमालारजोरञ्जितांह्रे ! धरीत्रीकृताऽ
वन ! वरतमसङ्गमोदारतारोदिताऽनङ्गनार्यांव-
लीलापदेहेक्षितामोहिताक्षो भवान् ।
मम वितरतु वीर ! निर्वाणशर्म्माणि जातावतारो
धराधीशसिद्धार्थधाम्नि क्षमालङ्कृताऽ
नवरतमसङ्गमोदारतारोदिताऽनङ्गनार्यांव !
लीलापदे हे क्षितामो हिताक्षोभवान् ॥ ९३ ॥

अर्णवदण्डकच्छन्दः ।

For Private And Personal Use Only

# શ્રી વિજયધર્મસૂરિ જૈન ગ્રંથમાળાનાં પુસ્તકો.

| નંબર. | નામ. | ભાષા. | કર્તા યા સંપાદક. | કિંમત. |
|---|---|---|---|---|
| ૧ | વિજયધર્મસૂરિ સ્વર્ગવાસ પછી. | ગુજરાતી. | શ્રીવિદ્યાવિજય | ૨-૮-૦ |
| ૨ | ધર્મવિયોગમાળા | સં. કાવ્ય. | શ્રીહિમાંશુવિજય | ૦-૨-૦ |
| ૩ | પ્રમાણનયતત્ત્વાલોક ( સટીક ) | સં. ન્યાય | ,, | ૦-૧૪-૦ |
| ૪ | શ્રાવકાચાર | હિન્દી | શ્રીવિદ્યાવિજય. | ૦-૪-૦ |
| ૫ | વિજયધર્મસૂરિ કે વચનકુસુમ | ,, | ,, | ૦-૪-૦ |
| ૬ | ,, | ગુજરાતી | ,, | ૦-૪-૦ |
| ૭ | સેઇંગ્ઝ ઑફ્ વિજયધર્મસૂરિ | અંગ્રેજી | ડૉ. ક્રૌઝે | ૦-૪-૦ |
| ૮ | જયન્તપ્રબન્ધ | સંસ્કૃત-ગુ. | શ્રીહિમાંશુવિજય | ૦-૩-૦ |
| ૯ | વિજયધર્મસૂરિ અષ્ટપ્રકારી પૂજા | હિન્દી | શ્રીવિદ્યાવિજય | ૦-૪-૦ |
| ૧૦ | આબૂ ( ૭૦ ફોટા સાથે ) | ગુજરાતી | શ્રીજયન્તવિજય | ૨-૮-૦ |
| ૧૧ | વિજયધર્મસૂરિ | ,, | ધી. ટો. શાહ | ૦-૨-૦ |
| ૧૨ | શ્રાવકાચાર | ,, | શ્રીવિદ્યાવિજય | ૦-૩-૦ |
| ૧૩ | શાણી સુલસા | ,, | ,, | ૦-૩-૦ |
| ૧૪ | સમયને ઓળખો ભાગ ૧ લો | ,, | ,, | ૦-૧૨-૦ |
| ૧૫ | ,, ભાગ ૨ જો | ,, | ,, | ૦-૧૦-૦ |
| ૧૬ | એન આઇડીયલમંક | અંગ્રેજી | એ. જે. સુનાવાલા | ૫-૦-૦ |
| ૧૭ | સમ્યક્ત્વપ્રદીપ | ગુજરાતી | ઉ. શ્રીમંગલવિજય | ૦-૪-૦ |
| ૧૮ | વિજયધર્મસૂરિ અષ્ટપ્રકારી પૂજા | ,, | ,, | ૦-૪-૦ |
| ૧૯ | જૈની સપ્તપદાર્થી | સંસ્કૃત ન્યાય | શ્રીહિમાંશુવિજય | ૦-૫-૦ |
| ૨૦ | બ્રહ્મચર્ય દિગ્દર્શન | ગુજરાતી | શ્રીવિજયધર્મસૂરિ | ૦-૩-૦ |
| ૨૧ | ,, | હિન્દી | ,, | ૦-૩-૦ |
| ૨૨ | વક્તા બનો | ગુજરાતી | શ્રીવિદ્યાવિજય | ૦-૬-૦ |
| ૨૩ | મહાકવિ શોભનમુનિ અને તેમની કૃતિ | ગુજરાતી | શ્રીહિમાંશુવિજય | ૦-૩-૦ |
| ૨૪ | બ્રાહ્મણવાડા | ,, | શ્રીજયંતવિજય | ૦-૪-૦ |
| ૨૫ | જૈનતત્ત્વજ્ઞાન | ગુજરાતી | શ્રીવિજયધર્મસૂરિ | ૦-૪-૦ |
| ૨૬ | ઉત્તરાધ્યયનસૂત્ર ભાગ ૪ થો.(કમળ સંયમી ટીકા) | સં. | શ્રીજયન્તવિજય | ૩-૮-૦ |
| ૨૭ | પ્રમાણનયતત્ત્વાલોક-પ્રસ્તાવના | સંસ્કૃત | શ્રીહિમાંશુવિજય | ૦-૩-૦ |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશિષ્ટ પુસ્તકો.

**વક્તા બનો:** ઉંડાઇ રહેલી વકતૃત્વ શક્તિનો વિકાસ કરવાની ઇચ્છા રાખનાર હરકોઈ આ પુસ્તકને વાંચે. પોતાની અજબ વકતૃત્વ શક્તિથી હજારો મનુષ્યોની સભાને ડોલાવનાર, રાજા મહારાજાને ચમત્કૃત કરનાર પ્રખર વક્તા મુનિરાજ **શ્રી વિદ્યાવિજયજી મહારાજે** પોતાના પચ્ચીશ વર્ષનો અનુભવ આમાં નાખ્યો છે. સાધુ કે ગૃહસ્થ કોઇપણ ઉપદેશક આ પુસ્તકને વાંચી બોલવાની સારી શક્તિ મેળવી શકે છે. કિંમત ૦-૬-૦ છે.

**આબૂ:**—( પહેલો ભાગ ) આબૂ પર્વત ઉપર રહેલાં જૈન-અજૈન દરેક પ્રસિદ્ધ સ્થલો વિષે આમાં પ્રામાણિક માહિતી આપી છે. ૭૫ ફોટાઓ આ પુસ્તકમાં આપ્યાં છે. આ ગ્રંથના કર્તા મુનિરાજ શ્રી **જયંતવિજયજી મહારાજ** છે. કિંમત રૂા. ૨-૮-૦

**સમયને ઓળખો**—( ભાગ ૧-૨ ) સામાજિક કુરૂઢિઓ સામે બેહો બળવો જગાડનાર મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજના લખેલા અનેક ક્રાંતિકારી લેખો આ બન્ને ભાગોમાં છે. બન્ને ભાગની કિંમત રૂા. ૧-૬-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મુનિ શ્રી હિમાંશુવિજયજીનાં પુસ્તકો.

## (સંશોધિત તથા રચેલાં.)

**૧ પ્રમાણનયતત્ત્વાલોક સટીક** (ન્યાય):-વાદિ દેવસૂરિનો આ ગ્રંથ જૈનોમાં પ્રસિદ્ધ છે. આના ઉપર પં. રામગોપાલાચાર્યની છાત્રોને ઉપયોગી થાય તેવી ટીકા છે. પહેલીંજ વાર તે ટીકા સાથે મૂળ ગ્રંથને નવી પદ્ધતિએ સંશોધિત કરવામાં આવ્યો છે. ખાસ કરી આની પ્રસ્તાવનામાં જૈન ન્યાય વિષે સારો પ્રકાશ પાડ્યો છે. મૂળ ગ્રંથકારના જીવન વિષે તથા ગ્રંથ વિષે જાણવા જેવી ઘણી બાબતો આમાં લખી છે. કિંમત ૧૪ આના.

**૨ જૈની સપ્તપદાર્થી** (ન્યાય):-જૈન ન્યાયમાં પ્રવેશ કરવા માટે આ ગ્રંથ તર્કસંગ્રહની ગરજ સારે છે. આમાં જૈન પ્રમેય અને જૈન પ્રમાણોનું વર્ણન ટૂંકાણમાં સુંદર રીતે કર્યું છે. દરેક વિદ્યાર્થીઓને ભણવામાં સુલભ પડે તે માટે આમાં ચાર પરિશિષ્ટો ગુજરાતીમાં યોજ્યાં છે. પ્રસ્તાવનામાં ગ્રંથ અને ગ્રંથકારની આલોચના કરી છે. આના કર્તા શ્રી યશસ્વત્ સાગર ગણિ છે. કિંમત પાંચ આના.

**૩ સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસનલઘુવૃત્તિ** (વ્યાકરણ):-કલિકાળ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યના વ્યાકરણની મહત્તા મોટામોટા વિદ્વાનો જાણી ગયા છે. આ વ્યાકરણ સિદ્ધરાજ સોલંકીની પ્રાર્થનાથી બન્યું છે સરલ અને પૂર્ણ છે નવી પદ્ધતિએ આને સંપાદિત કર્યું છે. વિવિધ દૃષ્ટિએ ઉપયોગી આમાં સાત પરિશિષ્ટો યોજ્યાં છે. મહત્ત્વની પ્રસ્તાવના અને વિષયાનુક્રમ પણ છે. કઠિન સ્થલે ટિપ્પણ પણ કર્યું છે. આ ગ્રંથને શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ બહાર પાડ્યો છે. ત્યાંથી રૂપીઆ ૪।। માં મળી શકે છે.

**૪ ધર્મ વિયોગમાળા** (કાવ્ય):-શ્રી વિજયધર્મસૂરિના નિર્વાણ પછી તેમના વિયોગથી આ કાવ્યની ઉત્પત્તિ થઇ છે. આમાં સંસ્કૃત વિગેરે સાત ભાષાઓનાં ૭૭ પદ્યો છે. કાવ્યપ્રેમીઓ આને પસંદ કરે છે. કિં. ≈).

**૫ જયન્ત પ્રબંધ** (ચરિત્ર):-આમાં શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયંતવિજયજીનો ટૂંક પરિચય છે. ગ્રંથ સંસ્કૃત ભાષાની કવિતામાં છે. ગુજરાતી અનુવાદ પણ સાથે જ છે ...

Serving JinShasan
044311
gyanmandir@kobatirth.org

... સ્થાન.

અથવા.

જ્યોતિ કાર્યાલય-નગરશે... ...સૂરિ જૈન ગ્રંથમાળા
માર્કીટ રતનપોળ ... ઉજ્જૈન (માળવા)
અમદાવાદ.

**નોટઃ**—બીજાં પુસ્તકો માટે ગ્રંથમાળાનું સૂચીપત્ર મંગાવો.

For Private And Personal Use Only